# ૮, ઓગષ્ટ–૨૦૧૫ (શનિવાર)

## (૧) મહાગુજરાત આંદોલન શહિદ દિન :–

– સ્વતંત્ર ગુજરાતની માંગને લઇને છેડાયેલા ઐતિહાસિક મહાગુજરાત આંદોલનમાં ૮ ઓગષ્ટ, ૧૯૫૬ના રોજ અમદાવાદના લાલ દરવાજા પાસે પોલીસ ગોળીબારમાં ૪ યુવાન શહિદ થયા હતા.

– એ દિવસથી ૮ ઓગષ્ટ મહાગુજરાત આંદોલન શહિદ દિન તરીકે મનાવાય છે.

## (૨) '૧૦૯૨'

– ૧૦૯૨ દેશમાં ચાઇલ્ડ હેલ્પલાઇન નંબર છે.

## (૩) 'નઇ મંઝિલ'

– ભારત સરકારના લઘુમતી બાબત મંત્રાલય દ્વારા લઘુમતી જાતિના યુવાનો માટે અભ્યાસ અને કૌશલના વિકાસ માટેની યોજના.

– આ યોજના અંતર્ગત સ્કૂલ ડ્રોપ આઉટ અને મદરેસા વિદ્યાર્થીઓ માટે એક પ્રાંરભિક અભ્યાસ અને આજીવિકાની પહેલનો સરકાર દ્વારા શુભારંભ.

– કેન્દ્રીય લઘુમતી બાબતના મંત્રી : ડૉ. નજમા હેપતુલ્લા

## (૪) રાઘવેન્દ્ર ગડગકર :–

– ભારતના સોશિયો બાયોલોજિસ્ટ રાઘવેન્દ્ર ગડગકરને જર્મનીના સર્વોચ્ચ નાગરિક સન્માન– 'ધ ક્રોસ ઓફ ઓર્ડર ઓફ ધ મેરિટ' થી સન્માનીત કરાયા.

– તેમને આ એવોર્ડ બિહેવિયરલ ઇકોલોજી અને સોશિયોલોજીના ક્ષેત્રમાં કરેલા યોગદાન તેમજ ભારત અને જર્મની વચ્ચે સંશોધનમાં સરકારને વધુ મજબુત બનાવવા બદલ સન્માનીત કરાયા છે.

## (૫) ઉત્તર કોરિયાએ નવા ટાઇમઝોનનું સર્જન કર્યું :–

– આગામી ૧૫ મી ઓગષ્ટથી ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ–મેંગ–ઉને એક નવા ટાઇમ ઝોનની જાહેરાત કરી છે.

– આ ટાઇમ ઝોનનું નામ 'પ્યોંગયાંગ ટાઇમ ઓન' રાખવામાં આવ્યું છે.

– ૧૫ ઓગષ્ટથી સમગ્ર ઉત્તર કોરિયામાં ટાઇમ અડધો કલાક પાછળ કરવામાં આવશે.

– ૧૯૧૦ થી ૧૯૪૫ દરમિયાન ઉત્તર કોરિયામાં જાપાનનું શાસન હતું ત્યારથી ઉત્તર કોરિયા અને જાપાનનો ટાઇમ ઝોન એક જ હતો.

– ઉત્તર કોરિયા દ્વારા આક્ષેપ કરાયા છે કે જાપાની સામ્રાજ્યવાદીઓએ કોરિયાને પોતાના પ્રમાણ સમયથી વંચિત રાખ્યા છે તેથી હવે સ્વતંત્ર કોરિયાએ આ નિર્ણય લિધો છે.

## (૬) આંતરરાષ્ટ્રીય બલૂન ફેસ્ટિવલ :–

– યુકેના બ્રિસ્ટોલ શહેરમાં ૩૭મો આંતરરાષ્ટ્રીય બલૂન ફેસ્ટીવલ યોજાયો.

વિવેકાનંદ એકેડમી (સે.૨૨) મો.૯૯૨૫૬૯૮૭૨૧

વિવેકાનંદ એકેડમી
(સે.૨૨) મો.૯૯૨૫૬૯૮૭૨૧